# મોડાસાના ગલસુંદરા ગામે ખેડૂત તરબૂચના નકલી બિયારણનો ભોગ બન્યા

## ચાર વીઘા જમીનમાં ૮૦ દિવસ ખેતી માટેની મહેનત પાણીમાં

મોડાસા, તા. ૧૭

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ખેતીવાડી વિભાગની આંખ નીચે નકલી બિયારણ અને ડુપ્લીકેટ જંતુનાશક દવાઓનો વેપલો ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. બંને જીલ્લામાં ખેતીવાડી વિભાગના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની મિલીભગતના પગલે નકલી બિયારણનું વેચાણ કરતા વિક્રેતાઓ બિલાડીના ટોપની જેમ ફુલ્યાફાલ્યા હોવાનું ખેડૂતો અહેસાસ અનુભવી રહ્યા છે. નકલી બિયારણનો ભોગ બનનાર ખેડૂત વાવેતર કર્યા પછી દિવસ-રાત કાળી મજૂરી કર્યા પછી લણણીના સમયે પાકનો ફાલ ન ઉતરતા પોક મૂકીને રોવાનો વારો આવતો હોય છે. મોડાસા તાલુકાના ગલસુન્દ્રા ગામના ખેડૂતને ઈડરના બિયારણના વિક્રેતાએ નકલી તરબૂચનું બિયારણ પધરાવતા ૮૦ દિવસની મહેનત પાણીમાં જતા લાખ્ખો રૂપિયાનું નુકશાન થતા દયનિય હાલત બની છે.



અરવલ્લી જીલ્લામાં રવિ સીજનમાં જીલ્લાના ખેડૂતોએ જીલ્લાની અંદાજે ૫ હજાર હજાર હેકટર જમીનમાં ખેડૂતોએ તડબુચનું વાવેતર કર્યુ છે. જીલ્લાના ખેડૂતોએ જુદી જુદી જગ્યાએથી તડબુચનું બિયારણ લાવી વાવેતર કર્યુ છે ત્યારે જીલ્લાના મોડાસા તાલુકાના ગલસુંદરા ગામના ખેડૂત હિંમતસિંહ પરમારે સાબરકાંઠા જીલ્લાના ઈડર ખાતે આવેલ વિશ્વનાથ ટ્રેડર્સમાંથી નિસ્કો નિસર્ગા સિડ્સનું આસ્થા હાયબ્રીડ નામનું તરબૂચનું મોંઘા ભાવે બિયારણ લાવી ૪ વીઘા જમીનમાં તડબુચનું વાવેતર કર્યુ હતું પરંતુ વાવેતરના ૮૦ દિવસ બાદ તડબૂચ વીણવા લાયક થઈ જતા હોય છે અને તેમાં વેલા પણ ઉગી ગયા પરંતુ તડબુચ વેલા ઉપરથી ખરી પડે છે જેના કારણે ખેડૂતને હાલ લાખ્ખોનો કરેલો ખર્ચ માથે પડ્યો છે. વેપારીએ તડબુચનું બિયારણ બોગસ આપ્યું હોવાની આશંકા વ્યક્ત કરતા ખર્ચ કરેલા ૮૫ હજાર પણ ડૂબી ગયા છે. હિંમતસિંહ નામના ખેડૂતની હાલત નકલી બિયારણના ભોગે દયનિય બનતા ખેડૂતે નકલી બિયારણ વેચતા વિક્રેતા અને બોગસ બિયારણ વેચતી કંપની સામે ખેતીવાડી વિભાગ દ્વારા શખ્ત કાર્યવાહી કરવામાં આવે અને લાયસન્સ રદ કરવામાં આવેની માંગ કરી હતી.

કુદરતની થપાટ વચ્ચે ખેડૂતને નુકશાની જ વેઠવાની આવી છે. મગફળી કપાસ બાદ બાગાયત પાકમાં પણ ખેડૂતનો પાક બરબાદ થઈ રહ્યો છે ત્યારે બોગસ બિયારણ વેચતી કંપનીઓ સામે કાર્યવાહીની માંગ ઉઠી છે.

# શામળાજી નજીક વાંદીયોલના ડુંગર પર આગ ભભૂકી ઉઠતા વનરાજી આગમાં ખાખ

શામળાજી, તા. ૧૭

અરવલ્લી જીલ્લામાં આવેલા ડુંગર અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓમાં કુશંકાઓ પેદા થઈ રહી છે. શામળાજી નજીક વાંદીયોલના ડુંગર પર લાગેલી આગ ઝડપથી પ્રસરતા હજ્જારોની સંખ્યામાં આગ પર લોકોના સહયોગથી કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. જંગલમાં લાગેલી આગથી વનરાજી બળીને ખાખ થઈ હતી.



પર્યાવરણ સાથે માનવ વસાહત માટે ભયજનક બની રહી છે. અરવલ્લી વન વિભાગતંત્ર પાછળ સરકાર કરોડો રૂપિયા પગાર પેટે એંધાણ કરી રહી છે અને વૃક્ષો વાવવા અને વનસંપદાનું જતન કરવા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે તેમ છતાં અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલોમાં લાગતી રહસ્યમય આગની ઘટનાઓએ અનેક શંકા વનરાજી બળીને ખાખ થઈ હતી.

શામળાજી નજીક વાંદીયોલ ગામના ડુંગર પરના જંગલોમાં રવિવારે સાંજના સુમારે અગમ્ય કારણોસર આગ ફાટી નીકળતા અને આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી અંદાજે ૧ કિલોમીટર જેટલા વિસ્તારમાં પ્રસરતા ધુમાડાના ગોટેગોટા નીકળતા ગ્રામજનો અને વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનસ્થળે પહોંચી સતત અરવલ્લી જિલ્લામાં ડુંગર વિસ્તાર અને જંગલમાં લાગતી આગથી વનસંપદા સહીત વન્ય પ્રાણીઓ અને પક્ષીઓને પણ મોટાપાયે નુકશાન થઈ રહ્યું છે.

અરવલ્લી જીલ્લા વનવિભાગતંત્ર અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલમાં લાગતી રહસ્યમય આગનું કારણ શોધવામાં તદ્દન વામણું પુરવાર થતા વનવિભાગતંત્ર નિષ્ફળ તંત્ર બની રહ્યું છે.

# પાલનપુરના ચિત્રાસણી નજીક ક્રેનમાંથી ડિઝલ ચોરતો ઝડપાયો

પાલનપુર તાલુકાના ચિત્રાસણી નજીક શનિવારે રાત્રે પોલીસે ઓચિંતો છાપો મારી પોતાના માલિકની જાણ બહાર ક્રેન માંથી ડિઝલ ચોરતા ચાલકને ઝડપી લીધો હતો. જ્યારે અન્ય એક શખ્સ ફરાર થઈ ગયો હતો. આ અંગે પોલીસે ડિઝલ- ક્રેન સહિત કુલ રૂપિયા ૧૫.૫ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર તાલુકાના ચિત્રાસણી નજીક ક્રેનમાંથી ડિઝલ ચોરવામાં આવી રહ્યું હોવાની બાતમીના આધારે તાલુકા પીએસઆઈ એમ. કે. ઝાલાએ સ્ટાફ સાથે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં ક્રેન નંબર આર. જે. ૧૯. ઈએ. ૨૮૯૮ની ડિઝલ ટાંકીમાંથી ક્રેનનો ચાલક રાજસ્થાનના ઢીકરિયાનો બલવીર રામદેવ જાટ તેના માલિકની જાણ બહાર ડિઝલ ચોરતો ઝડપાઈ ગયો હતો. જ્યારે નરેશ ઠાકોર નામનો શખ્સ નાસી છૂટ્યો હતો.

આ અંગે પોલીસે સ્થળ ઉપરથી ચોરેલું રૂપિયા ૨૧૦૦નું ૩૦ લીટર ડિઝલ, રૂપિયા ૧૫,૦૦,૦૦૦ની ક્રેન, રૂપિયા ૩૦૦૦ના મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧૫,૦૫,૧૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ચિત્રાસણી પાસેથી ટ્રેનમાંથી પડેલા કોથળામાંથી સંદિગ્ધ હાલતમાં કળશ મળ્યા

પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામ પાસેથી પસાર થતી રેલવે લાઈન પર કોઈ ટ્રેનમાંથી



કંતાનના કોથળાના પાર્સલ પડી ગયા હતા. રેલવે પોલીસે તપાસ કરતા તેમાંથી સંદિગ્ધ હાલતમાં હિટર યુક્ત તાંબાના કળશ મળી આવતા રૂ.૩૬૦૦ ની કિંમતના મુદ્દામાલ ને જપ્ત કરવામાં આવ્યો છે.

પાલનપુર તાલુકાના ચિત્રાસણી રેલવે લાઈન પર ગત ૧૫ ફેબ્રુઆરીના સવાર ના સમયે ટ્રેનમાંથી કંતાન કોથળાના ત્રણ પાર્સલ પડી ગયા હોઈ પાલનપુર રેલવે પોલીસ દ્વારા આ પાર્સલોની તપાસ કરવામાં આવી હતી.જ્ જે પાર્સલમાંથી રૂ.૩૬૦૦ ની કિંમત ના ૧૨ હિટર સાથેના તાંબાના કળશ મળી આવતા આ મુદ્દામાલ ના માલિકની શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ મુદ્દામાલનો કોઈ માલીક મળી ન આવતા રેલવે પોલીસે તાંબાના કળશ કબ્જે લઈને વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસાના ચારણવાડાના નિવૃત્ત આર્મી જવાનનું ગ્રામજનોએ ભવ્યાતિભવ્ય વરઘોડા સાથે સામૈયું

મોડાસા, તા. ૧૭

મા-ભોમની રક્ષા કરી આર્મી જવાન તરીકે દેશની સરહદોના રખોપા કરતા ૧૯ વર્ષની યશસ્વી સેવા આપી નિવૃત્ત થયેલા અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ચારણવાડાના ગામના રમણસિંહ પરમાર માદરે વતને પહોંચતા ગ્રામજનોએ ગામના પ્રવેશદ્વારે મોટી સંખ્યામાં પહોંચી દેશભક્તિના ગીત-સંગીત સાથે ભવ્ય સામૈયું કરી અબીલ-ગુલાલની છોળો સાથે વરઘોડો કાઢી સ્વાગત કરવામાં આવ્યું હતું સમગ્ર ગામ દેશભક્તિના રંગે રંગાયું હતું.

ચારણવાડાના ગામના રમણસિંહ પરમાર યુવા અવસ્થામાં પગ મુક્તાની સાથે દેશની સરહદો પર સુરક્ષા કરવા માટે આર્મીમાં જોડાયા હતા. દેશની વિવિધ જગ્યાએ ૧૯ વર્ષ સુધી મા-ભોમની રક્ષા કરી નિવૃત્ત થયેલા આર્મી જવાનનું ગ્રામજનોએ ઉમળકાભેર સ્વાગત કર્યુ હતું. આર્મી જવાનના પરિવારજનોએ અને ગ્રામજનોએ કુમકુમ તિલક કરી ફુલહારથી સ્વાગત કર્યુ હતું અને સમગ્ર ગામમાં દેશભક્તિના ગીત-સંગીત સાથે વરઘોડો કાઢવામાં આવતા સમગ્ર ગામ હિલોળે ચડ્યું હતું. ગામમાં ઉત્સવનો માહોલ સર્જાયો હતો. આર્મી જવાનની નિરંતર ૧૯ વર્ષ સુધી કરેલી દેશ સેવાઓને બિરદાવી હતી અને શુભકામનાઓ પાઠવી હતી.



૧૯ વર્ષ દેશની સુરક્ષા કરી વતન ફરેલા નિવૃત્ત આર્મી જવાને મળેલ આવકારથી અભિભૂત થયા હતા અને મા-ભોમની રક્ષા કરવા ગામના અને સમાજના યુવાનોને જરૂરી માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરશે તેવું જણાવ્યું હતું.

# અરવલ્લીમાં મૃતદેહો મળવાનો સિલસિલો યથાવત

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લામાં હત્યા, અપહરણ, આત્મહત્યાના બનાવોમાં નોંધપાત્ર વધારો થતો બુદ્ધિજીવી વર્ગ સાથે પ્રજાજનો પણ ચિંતિત બન્યા હોવાની સાથે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોવાની સાથે અસમલામતીનો અહેસાસ અનુભવી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર માટે પણ સતત મળી આવતા મૃતદેહો પડકારજનક સ્થિતિમાં મૂકી રહ્યા છે.

હાલના યુગમાં યુવક અને યુવતીઓ કંઈપણ પ્રકારનો વિચાર કર્યા વગર આત્મઘાત કરી લેવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં આત્મહત્યાઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે તે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. જિલ્લામાં ૫ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં જુદી જુદી જગ્યાએથી ૮ લટકતી લાશો મળી છે. જ્યારે બે કિસ્સામાં તળાવમાંથી લાશ મળી છે જેમાં મોટા ભાગે યુવાન વયના જ વ્યક્તિઓ છે. ત્યારે ખૂબ જ ચિંતનનો વિષય થયો છે કે ભર યુવાનીમાં આવા નિર્ણયો લેવા પાછળ કયા કારણો કામ કરે છે.

જીંદગી અણમોલ છે

જીવનમાં સુખ અને દુખ આવ્યા કરે છે. કેટલાક તબક્કામાં ભારે મુશ્કેલીઓનો સામનો પણ કરવાનો વખત આવતો હોય છે. પરંતુ દરેક સમસ્યાનું સમાધાન પણ ચોક્કસ હોય જ છે. જો કે હાલના તબક્કે લોકોની સહનશક્તિ પણ ઘટવા લાગી છે. પરિણામે સામાન્ય વાતમાં પણ નાસીપાસ થઈ આત્મહત્યા જેવું અંતિમ પગલું ભરી લેતાં લોકો વિચારતા નથી. છેલ્લા કેટલાક સમયથી આત્મહત્યાઓનું પ્રમાણ વધતાં બનાવોને લઈને લોકમાનસ પર ચિંતાના વાદળો ઘેરાયા છે.

અરવલ્લી જિલ્લામાં આત્મહત્યાની ઘટનાઓમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો હોય તેમ અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક માસ અને દસ દિવસના સમયગાળામાં ૧૧ લાશો મળી આવી છે. જેમાં મોટા ભાગે યુવા વર્ગ છે. શુક્રવારના રોજ બાયડના ભૂખેલ પાસેની વાત્રક નદીમાંથી એક યુવતીનો મૃતદેહ મળ્યો હતો. નદીમાં મૃતદેહ હોવાનું માલુમ પડતાં ગ્રામજનોએ યુવતીના મૃતદેહ બાબતે બાયડ પોલીસને જાણ કરી હતી. આ ઘટનાના થોડાક કલાકોના ટૂંકા ગાળામાં મોડાસા-શામળાજી હાઈવે પર મોટી ઈસરોલ ગામ નજીક બ્રિજ પાસેથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી યુવકની લાશને પીએમ માટે દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. યુવકની લાશ મળી આવતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા યુવકની હત્યા કરી લાશને ફેંકી દીધું હોવાની ચર્ચાએ જોર પકડ્યુ હતું.

# સાબરકાંઠામાં શિક્ષણ મેળવી શિક્ષણ સેવા વર્ગ ૧-૨માં ફરજ બજાવતા અધિકારીઓનો સન્માન સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠાના હિંમતનગરના સાબર સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે ૧૬ ફેબ્રુઆરીએ સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિ આયોજિત સાબરકાંઠાથી પદાર્પણ કરનાર શિક્ષણ સેવા વર્ગ-૧ અને-૨ ના અધિકારીઓનું સન્માન અને શૈક્ષણિક ગોષ્ઠીયાન કાર્યક્રમ સાબરકાંઠા અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડની અધ્યક્ષતામાં યોજાયો.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી સાંસદ દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે સાબરકાંઠાના શિક્ષકો ગુજરાતના ખૂણે ખૂણે પોતાની સેવાઓ આપી રહ્યા છે. રાજ્યનો કોઈપણ તાલુકો કે ગામ એવું નહિ હોય કે જ્યાં સાબરકાંઠાનો શિક્ષક સેવા ન આપી હોય. સાબરકાંઠા એટલે શિક્ષકોની ભૂમિ સમગ્ર રાજ્યમાં સેવા કરતા શિક્ષકો સાબરકાંઠાનું ગૌરવ છે. સાબરકાંઠા જિલ્લાના શિક્ષણ સમિતિ દ્વારા આ કાર્યક્રમ યોજી એક ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. સાબરકાંઠા શિક્ષણની ભુમિ છે. આ શિક્ષકો દ્વારા બાળ ચરિત્રનુ



નિર્માણ થાય છે.

વધુમાં જણાવતા તેઓએ કહ્યું કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણમાં જે પરીવર્તન કર્યું તેના થકી આજે આપણા ગુજરાતના યુવાનો સનદી સેવાઓમાં જોડાઈને ગુજરાતનુ ગૌરવ બન્યા છે. શિક્ષકનુ કામ બાળક રૂપી ઘડાને આકાર આપવાનુ છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રતનબેન સુતરીયા જણાવ્યું હતું કે શિક્ષકો સમાજનું નિર્માણ કરે છે. આ શિક્ષકો જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના શિક્ષણ કાર્ય કરી સમાજને ઉદાહરણ પૂરૂ પાડ્યુ છે. શિક્ષણ મેળવીને બાળકો ડોક્ટર એન્જિનિયર વકીલ અને અન્ય ક્ષેત્રોમાં પોતાની સેવાઓ આપે છે.

સાબરકાંઠા જિલ્લા સમાહર્તા સી. જે. પટેલ જણાવ્યું હતું કે શિક્ષક માત્ર શિક્ષણ નથી આપતો તે શ્રેષ્ઠ સમાજનું નિર્માણ કરે છે. બાળકો દેશનું ભવિષ્ય છે આ ભવિષ્યનું નિર્માણ શિક્ષક કરે છે. આજે શિક્ષકો ખાસ ભૂમિકા ભજવવાની છે કારણ કે ટેકનોલોજીના યુગમાં બાળકને શિક્ષણ આપવું અને તેના મનમાં શિક્ષણ પ્રત્યે પ્રેમ જગાવો ખૂબ જ મહત્વનું કાર્ય બની ગયું છે. શિક્ષકો ભારતના ભવિષ્યના નિર્માતા છે, તેથી ખુબ મન લગાવી શ્રેષ્ઠ ભાવિનુ નિર્માણ કરો.

સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી મીતાબેન ગઢવીએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોને પ્રેરણા મળે અને અને ગામડાની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરવા છતાં આજે ઉચ્ચ સ્થાન ઉપર શિક્ષણમાં ફરજ બજાવી રહેલા ઉપસ્થિત મહેમાનો થકી પ્રેરણા મેળવી શાળાના બાળકોને શિક્ષણ આપે. આ કાર્યકર્મ થકી સમાજને પણે પ્રેરણા મળે કે સરકારી પ્રાથમિક શાળાનુ શિક્ષણ ઉચ્ચ કક્ષાનુ અને ખાનગી શાળાઓના શિક્ષણ કરતાં શ્રેષ્ઠ છે.

# ફિલ્ડ રિપોર્ટર્સના સ્થાપના દિનની કરાઈ ઉજવણી

## ફિલ્ડ રિપોર્ટર્સના નવા વર્ષના હોદ્દેદારોની કરાઈ વરણી:પ્રમુખપદે સંજય જોશી અને મહામંત્રીપદે અલ્કેશ રાવની સર્વાનુમત્તે વરણી

પાલનપુર ખાતે સામાજિક દાયિત્વ નિભાવવાની નેમ સાથે ફિલ્ડમાં કાર્યરત પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના જાગૃત પત્રકારમિત્રોના સંગઠન "ફિલ્ડ રિપોર્ટર્સ"ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમત્તે વરણી કરાઈ હતી. જેમાં પ્રમુખપદે પદે સ્થાપક પ્રમુખ સંજય જોશી અને મહામંત્રીપદે અલ્કેશ રાવની વરણી કરાઈ હતી.

ફિલ્ડ રિપોર્ટર્સ, પાલનપુરની સાધારણ સભા ૨૬મી જાન્યુઆરીએ પ્રમુખ સંજય જોશીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભાની શરૂઆત વંદેમાતરમના ગાનથી કરાઈ હતી. પ્રારંભમાં સ્વાગત પ્રવચન મહામંત્રી મોઘજીભાઈ ચૌધરી એ કર્યું હતું. પ્રમુખ સંજય જોશીએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. બાદમાં કેક કાપીને સંગઠનના ૧૨ માં સ્થાપના દિનની ઉજવણી કરાઈ હતી.




સ્થાપનાદિનની ઉજવણી બાદ સંગઠન પર્વ કન્વિનર અખ્તરભાઈ ચૌહાણ અને સહ કન્વિનર નરેશભાઈ ચૌહાણ દ્વારા નવા વર્ષના હોદ્દેદારોની વરણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં સર્વાનુમત્તે ફિલ્ડ રિપોર્ટર્સનું સુકાન ફરીએકવાર સ્થાપક પ્રમુખ સંજય જોશીને સોંપવાનો નિર્ણય લેવાયો હતો. જયારે ઉપપ્રમુખપદે રતન સાંગિયા અને મહામંત્રીપદે અલ્કેશ રાવ સહિતના હોદ્દેદારોની સર્વાનુમત્તે વરણી કરાઈ હતી. જેમાં પ્રમુખઃ-સંજય જોશી(નિર્માણ ન્યૂઝ ચેનલ& ગુજરાત ન્યૂઝ ચેનલ(દૈનિક)/ રખેવાળ) ઉપપ્રમુખઃ-રતન સાંગિયા.(ઈન્ડિયા ટીવી) મહામંત્રીઃ-અલ્કેશ રાવ(ઝી ન્યુઝ) મંત્રીઃ-અંકિત વ્યાસ(ઈન્ડિયા ન્યૂઝ) ખજાનચીઃ-હરેશ જોશી (ગાંધીનગર સમાચાર) આંતરિક ઓડિટરઃ-ઈમરાન સૈયદ(ધી મેસેજ) કાર્યાલય મંત્રીઃ-મુકેશ ઠાકોર (નવગુજરાત સમય દૈનિક) સહ કાર્યાલય મંત્રીઃ- શૈલેષ પવાર (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા) કા.સભ્યઃ-રણજીતસિંહ હડિયોલ(નવ ગુજરાત સમય દૈનિક) સલાહકાર સમિતિઃ- (૧)અખ્તર ચૌહાણ(ગુજરાત ટુ-ડે) (૨)નરેશ ચૌહાણ(દિવ્ય ભાસ્કર) (૨)વિનોદ સુંદેશા(બીકે ન્યૂઝ ચેનલ) સભ્યોઃ- (૧)રાજેન્દ્ર ધારીવાલ(રાજસ્થાન પત્રિકા) (૨)પ્રકાશ વ્યાસ(બનાસદિશા ન્યુઝ ચેનલ) (૩)મોંઘજી ચૌધરી(વી ટીવી) ની સર્વાનુમત્તે વરણી કરાઈ હતી. જેને ઉપસ્થિત તમામ સભ્યોએ તાળીઓના ગડગડાટ વચ્ચે વધાવી લઈ નવનિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

# ડીસામાં વીજ ફોલ્ટથી વીજ ઉપકરણો બળી ગયા

ડીસાના રેલવે સ્ટેશન ચાર રસ્તા પાસે વીજ ડીપીમાં ફોલ્ટના કારણે વીજળી ગુલ થઈ ગઈ હતી અને રહેણાંક ઘરોમાં વીજ ઉપકરણો બળી ગયા હતા. વીજ ડીપીમાં ધડાકો થતા લોકોમાં દહેશતનો માહોલ પણ છવાયો હતો. આ વિસ્તારમાં વીજ ફોલ્ટની સમસ્યા કાયમી બની ગઈ છે તેમાં પણ મોંઘવારીમાં વીજ ઉપકરણો બળી જતા રોષે ભરાયેલા રહીશોએ વીજ કંપની નિયમિત વીજ બિલ વસુલે છે પણ ફોલ્ટ નિવારવામાં લાઈનમેનો અખાડા કરે છે તેવા આક્ષેપો કર્યા હતા.

# ડીસામાં ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝનોએ જુદી જુદી રમતમાં કૌશલ્ય બતાવ્યું



ડીસા, તા. ૧૭

સિનિયર સિટીઝન્સ માટે જીલ્લા રમત-ગમત કચેરી બનાસકાંઠા દ્વારા ડીસા ખાતે સિનિયર સિટીઝન સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં ૬૦ વર્ષથી વધુ વયના ૪૮ સ્પર્ધકોએ જુદી જુદી રમતોમાં પોતાનું કૌશલ્ય રજુ કર્યું હતું.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર અને બનાસકાંઠા જીલ્લા રમત-ગમત કચેરી પાલનપુર દ્વારા ડીસા શહેરના સ્પોર્ટસ કલબ મેદાન ખાતે ૬૦ વર્ષથી વધુ વયના ઉંમર ધરાવતા સિનિયર સિટીઝન માટે જીલ્લાકક્ષાની સિનિયર સિટીઝન સ્પર્ધા જીલ્લા રમતગમત કચેરીના પ્રાંત યુવા વિકાસ અધિકારી હિંમતભાઈ કાપડી, નિવૃત ડીવાયએસપી આર.એમ. ભદોરિયા, સિનિયર સીટીઝન ગ્રુપના પ્રમુખ નાગરભાઈ પરમાર, સ્પોર્ટસ કલબના મનોજભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. સ્પર્ધામાં ચેસ, કેરમ, વોલીબોલ, ક્રિકેટ, રસ્સા ખેંચ, ગોળા ફેક, ચક્ર ફેક તેમજ દોડ સહિતની રમતોમાં વડીલોએ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું.

જીલ્લાકક્ષાની સ્પર્ધામાં વસ્તાભાઈ પટેલ, જીતુભાઈ ગેલોત, રાણાભાઈ માળી સહિતે સહયોગ પુરો પાડયો હતો.